**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૮.૫ ડીગ્રી
ભેજ
સવારે ૫૫ ટકા ● સાંજે ૨૨ ટકા

## સળંગ ત્રણ દિવસની રજાને પગલે
# ફરી એકવાર પાટનગર સુમસામ બન્યું




ગાંધીનગર, તા.૨૩

લોકડાઉન-૪ દરમિયાન રાજય સરકારે આપેલી છુટછાટના પગલે આ સપ્તાહ દરમિયાન ગાંધીનગર પુનઃ વેપાર ધંધાથી ધમધમી ઉઠયું હતું અને શહેરમાં ભારે ચહલપહલ પણ જોવા મળી હતી પરંતુ હવે એક સાથે ત્રણ રજાઓ આવતાં જ પાટનગર ફરી એકવાર સુમસામ બની જવા પામ્યું છે. શહેરમાં આજે ચોથા શનિવારની રજા સાથે આવતીકાલે રવિવાર અને પરમદિવસે સોમવારે રમઝાન ઈદની રજા રહેશે જેના કારણે પાટનગરમાં વધુ એકવાર લોકડાઉન-૩ જેવો માહોલ સર્જાવા પામ્યો છે.

આજથી શહેરમાં બેંકો, સરકારી કચેરીઓ તથા અર્ધસરકારી કચેરીઓ વગેરેમાં સળંગ ત્રણ દિવસની રજા છે. જેના કારણે હવે શહેરના માર્ગો પર કર્મચારીઓના વાહનની અવરજવર સોમવાર સુધી થંભી જશે. શહેરમાં દુકાનો માટે આપેલી છુટછાટ જે ૪ વાગ્યા સુધીની રાખવામાં આવી છે તે પણ ઉનાળાની કાળઝાળ ગરમી તથા નહીંવત ઘરાકીના કારણે વેપારીઓ દ્વારા લગભગ બપોરે ૨ થી ૩ વાગ્યા સુધીમાં જ બંધ કરી દેવામાં આવે છે. આ સ્થિતિમાં ગાંધીનગર આમ પણ બપોર પછી તો સુમસામ બની જાય છે તેમાં હવે સળંગ ત્રણ રજાઓ આવી હોવાથી ફરી એકવાર પાટનગરના માર્ગો ભેંકાર બનવા પામ્યા છે. જો કે આ સ્થિતિ કોરોના સંક્રમણની ચેઈન તોડવા માટે ઉપકારક સાબિત થશે તેવું જણાઈ રહ્યું છે.

# ગાંધીનગરમાં ઘરમાં રહી ઈદની ઉજવણી કરાશે

ગાંધીનગર, તા.૨૩

રમઝાન માસ હવે પૂર્ણતાના આરે છે. ગાંધીનગરના મુસ્લિમ બિરાદરોએ સમગ્ર રમઝાન મહિનો ઘરમાં રહી ઈબાદત કરી છે ત્યારે ઈદની ઉજવણી પણ ઘરમાં જ રહી સાદાઈથી કરવા બયતુલમાલ ગાંધીનગર દ્વારા અપીલ કરવામાં આવી છે.

બાયતુલમાલ-ગાંધીનગરના પ્રમુખ યુનુસભાઈ પરમારે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે ગાંધીનગરના મુસ્લિમ બિરાદરોએ કોરોનાની મહામારીના સમયમાં સમગ્ર રમઝાન માસ ઘરમાં જ રહીને ઈબાદત કરી છે. હવે જયારે રમઝાન માસ પૂર્ણતાના આરે છે ત્યારે ઈદની ઉજવણી પણ ઘરમાં જ રહીને સાદાઈથી કરવી જોઈએ. ગાંધીનગર શહેરમાં રમઝાન ઈદની નમાઝનું અને ઈદને લગતા કોઈ કાર્યક્રમ રાખવામાં આવ્યા નથી. જેથી મુસ્લિમ બિરાદરોએ ઈદગાહ મસ્જીદમાં એકત્રિત થવું નહીં. લોકોને મળવાનું ટાળી ભીડભાડ કર્યા વગર ભારત સરકારના ગૃહ વિભાગની ગાઈડલાઈન્સને અનુસરવું. ઘરમાં રહીને નમાઝ અને દુવા કરવી. તમામ મુસ્લિમ બિરાદરોએ ઘરમાં રહીને કોરોનાગ્રસ્ત પીડિતો માટે દુવા કરવી એવી પણ તેઓએ નમ્ર અપીલ કરી છે.

# ગાંધીનગર જિલ્લામાં માસ્ક ન પહેરનાર ૨૮૨ વ્યક્તિઓ પાસેથી અત્યાર સુધી ૧ લાખ ૨૨ હજારથી વધુ દંડની રકમ વસૂલ કરાઈ

## ગાંધીનગર તાલુકામાં સૌથી વધુ ૧૩૫ વ્યક્તિઓ પાસેથી ૫૦ હજારથી વધુનો દંડ વસૂલાયો

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં માસ્ક ન પહેરનાર ૨૮૨ વ્યકિતઓ પાસેથી આજદિન સુધીમાં કુલ- ૧ લાખ ૨૨ હજારથી વધુ રકમનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે, તેવું જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.આર.રાવલે જણાવ્યું છે.

ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.આર.રાવલે જણાવ્યું છે કે, ગાંધીનગર જિલ્લામાં કોરોના વાયરસનું સંક્રમણ અટકાવવા માટે ખાસ તકેદારી રાખવામાં આવી છે. જે અંતર્ગત વેપારી અને ફેરિયાઓનું હેલ્થ સ્કિનીંગ કરવામાં આવ્યું છે. તો માસ્ક પહેરવું ફરજિયાત બનાવવામાં આવ્યું હોવા છતાં જિલ્લાના અમુક ગામોમાં માસ્ક પહેર્યા વગર ફરતા વ્યક્તિઓ સામે તંત્ર દ્વારા દંડ વસૂલ કરવાની પણ કાર્યવાહી કરવામાં આવી છે.

તેમણે જણાવ્યું છે કે, ગાંધીનગર જિલ્લાના ૩૦૩ ગામોમાં આજ તા. ૨૩મી મે, ૨૦૨૦ સુધીમાં ૨૮૨ વ્યક્તિઓ પાસેથી રૂપિયા ૧,૨૨,૮૦૦ દંડ વસૂલ કરવામાં આવ્યો છે. જેમાં ગાંધીનગર તાલુકાના ૭૪ ગામોમાં ૧૩૫ વ્યક્તિઓ પાસેથી રૂપિયા ૫૦,૪૦૦નો દંડ વસૂલ કરવામાં આવ્યો છે. તેમજ કલોલ તાલુકાના ૬૯ ગામોમાંથી ૩૬ વ્યકતિઓ પાસેથી રૂપિયા ૧૮,૦૦૦નો દંડ વસૂલ કરવામાં આવ્યો છે. માણસા તાલુકાના ૬૭ ગામોમાંથી ૪૫ વ્યક્તિઓ પાસેથી ૨૨,૫૦૦/- રૂપિયાની દંડની રકમ વસૂલ કરવામાં આવી છે. દહેગામ તાલુકામાં ૯૩ ગામોમાંથી ૬૬ વ્યક્તિઓ પાસેથી રૂપિયા ૩૧,૯૦૦ રૂપિયાનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે.

ગાંધીનગર જિલ્લામાં વિવિધ ગામોમાં માસ્ક પહેરવું ફરિજીયાત કરવામાં આવ્યું હતું. તેથી માસ્ક કેમ પહેરવું જરૂરી છે, તેની જાગૃતિ પણ ગ્રામજનોને આપવામાં આવી હતી. તેમ છતાં અમુક નાગરિકો ગામમાં માસ્ક પહેર્યા વગર ફરતા હોવાનું ધ્યાન આવતા ન છુટકે તંત્ર દ્વારા દંડ વસૂલ કરવાની કાર્યવાહી કરવામાં આવી છે.

## ગુજરાત સાહિત્ય સંગમ દ્વારા કોરોના વિષયક મેક્રોફિકશન વાર્તા સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા.૨૩

ગુજરાત સાહિત્ય સંગમ ગાંધીનગર દ્વારા કોરોના વિષયક માઈક્રોફિક્શન વાર્તા આલેખતી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. જે સંદર્ભે કોરોના વાયરસના હાહાકાર વચ્ચે પર્યાવરણ- પ્રકૃતિમાં આવેલ પરિવર્તનની માનવ, સમાજજીવન અને સંબંધો પર થયેલ અસરોને આલેખતી માઈક્રોફિક્શન સ્ટોરી તારીખ ૩૧ મે સાંજે પાંચ વાગ્યા સુધીમાં ૭૫૭૪૯૯૦૦૯૨ પર મોકલવાની રહેશે.

સ્પર્ધકે રચનાઓ ટાઈપ કરીને મોકલવી તથા કૃતિ મૌલિક રચના હોવી જોઈએ જે અંગેની તમામ જવાબદારી સર્જકની રહેશે. આ ઉપરાંત કૃતિ સાથે સર્જકે પોતાનું નામ, સરનામું, ફોન નંબર અને ઈમેઈલ એડ્રેસ તેમજ પાસપોર્ટ સાઈઝનો ફોટો જણાવેલ નંબર ઉપર મોકલવાનો રહેશે. તેમ ગુજરાત સાહિત્ય સંગમના અધ્યક્ષ નટવર હેડાઉ તથા મહાસચિવ લલિત કિશોર અગ્રવાલ દ્વારા જણાવાયું છે.

# ક-૬ નાકા પોઈન્ટ પર પોલીસ તાલીમાર્થી પર બે શખ્સોનો હુમલો

## રાત્રીના સમયે જવા ના દેતા છુટા પથ્થરો મારતા જવાન ઈજાગ્રસ્ત

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેરના ક-૬ નાકા પોઈન્ટ ખોલીને જવા દેવા માટે કોલવડાના બે યુવાનોએ માથાકુટ કરી હતી. આ માથાકુટ દરમિયાન એક શખ્સે પોલીસ તાલીમાર્થીને પથ્થરો મારતા માથાના ભાગે ઈજા પહોંચતા ૧૦૮ દ્વારા તાત્કાલીક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર માટે લઈ જવાયો હતો. ત્યારબાદ વધુ સારવાર માટે પોલીસ તાલીમાર્થીને અમદાવાદ ખાતે રીફર કરવામાં આવ્યો હતો. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી યુવાનોને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગરમાં કોરોના એ કોહરામ મચાવ્યો છે. કોરોનાના પોઝીટીવ કેસનો આંકડો ગાંધીનગર જિલ્લામાં ૨૦૦ ને પાર કરી ગયો છે. ગાંધીનગર રેડ ઝોનમાં આવી ગયું છે, તેમજ કેટલાક વિસ્તાર કન્ટેન્મેન્ટ ઝોન છે. તેમ છતા તંત્ર દ્વારા સવાર થી બપોર સુધી કેટલીક છુટછાટ શરતોને આધિન આપવામાં આવી છે. ત્યારબાદ સાંજના ૭ થી સવારના ૭ સુધી સંપૂર્ણ લોકડાઉન છે. ત્યારે ટાટા ચોકડી ક-૬ પાસે પોલીસ તંત્ર દ્વારા નાકા પોઈન્ટ ઉભો કરાયો છે. જેમાં કોઈપણ વ્યક્તિ ક માર્ગ થી ખ માર્ગ ન જાય તેની તકેદારી રાખવાની હોય છે. રાત્રીના સાડા દશ વાગ્યાના સુમારે ખ-૬ સર્કલ તરફથી કોલવડા ગામનો જયદિપસિંહ પ્રવિણસિંહ વાઘેલા બાઈક લઈને આવ્યો હતો. ક-૬ સર્કલ થઈ કોલવડા ગામમાં જવા માગતા જયદિપસિંહને નાકા પોઈન્ટ પર હાજર પોલીસ તાલીમાર્થીએ રોક્યો હતો. જેથી તેને ફોન કરતા કોલવડાનો કુલદિપસિંહ પણ ત્યાં આવી ગયો હતો.બંન્ને શખ્સોએ નાકા પોઈન્ટ પર હાજર પોલીસ તાલીમાર્થી જતીન સુરેશભાઈ પટેલ તેમજ જીતેન્દ્ર પટેલ સાથે માથાકુટ કરીને ગાળાગાળી કરી હતી. તે સમયે જયદિપસિંહે માર્ગની બાજુમાં પડેલા પથ્થરોમાંથી ત્રણ પથ્થર છુટા માર્યા હતા. તેમા પોલીસ તાલીમાર્થી જતિન પટેલની માથાના ભાગે પથ્થર વાગતા લોહી નીકળવા લાગ્યું હતું. જેથી હાજર પોલીસ કર્મચારી ઘાયલ જવાનને તાત્કાલીક ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ ગયા હતા. પરંતુ માથાના ભાગે વધુ ઈજા હોવાથી સારવાર માટે અમદાવાદ ખાતે રીફર કરાયા હતા. બનાવ સ્થળે હાજર પોલીસ કર્મચારી અલ્પેશભાઈ ઓડ ઘટના અંગે સેકટર-૨૧ પોલીસ સ્ટેશનમાં કોલવડાના બે ઈસમો સામે ગુનો નોંધી પોલીસે તેમને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.






ગાંધીનગરમાં ચારે બાજુ લોકો ની ભારે ભીડ દેખાઈ રહી છે. રસ્તાઓ પર વાહનોની અવરજવર વધી રહી છે. સેક્ટર-૨૧ના શાક માર્કેટમાં ચિંતાજનક દશ્યો જોવા મળ્યા હતા. લોકો ખરીદીમાં એટલા વ્યસ્ત છે કે હાલની ગંભીર પરિસ્થિતિને ભૂલી ગયા. કોઈ સોશિયલ ડિસ્ટન્સની પરવા નથી કે નથી માસ્ક પહેર્યા.. શાકભાજી ખરીદવાની બસ ઉતાવળ. વેપારીઓ પણ કમાવાનાં મોહમાં કોરોના જેવી ગંભીર બીમારીને અવગણી રહ્યા છે આવું બધે જ જોવા મળે છે. રિક્ષાચાલકો પણ નિયમોનો ભંગ કરી રહ્યા છે. ટૂંકમાં કહી શકાય કે ગાંધીનગરની ભણેલી જનતાને કોઈની પરવા નથી. તંત્ર ગમે તેટલી સલાહ આપે, પરિસ્થિતિ ગમે તેટલી ગંભીર હોય પણ 'હમ નહી સુધરેંગે' જેવો માહોલ થયો છે.

## ધો-૧૨ સામાન્ય પ્રવાહના પરિણામનો ખોટો મેસેજ ફરતો કરનાર સગીર ઝડપાયો

તાજેતરમાં ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર થવાનું છે. જેમાં કોઈ વ્યકિતએ અખબારી યાદી તૈયાર કરીને ૧૯ મે ના રોજ સવારે ૮ વાગે પરિણામ જાહેર થવાનુ છે તેવા બોગસ સમાચાર સોશિયલ મિડીયમાં ફરતા કર્યા હતા. જે અંગે શિક્ષણ બોર્ડ દ્વારા સે-૭ પોલીસ મથકે ફરીયાદ કરવામાં આવી હતી. આ ફરીયાદ અંતર્ગત એક સગીરને પકડી પાડી પોલીસે તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર એસપી મયુર ચાવડાની સુચનાને પગલે સેકટર-૭ પોલીસ મથકના પીઆઈ એચ.જે.સિંધવે પોતાની ટીમ સાથે તપાસ કરી હતી.પોલીસે ટેકનોલોજી ની મદદથી હિંતમનગર વિસ્તારના એક સગીરને પકડી પાડ્યો હતો. સગીરે ધોરણ-૧૨ સાયન્સની અખબારી યાદીમાં એડીટીંગ કરીને ખોટી અખબારી યાદી બનાવી હતી. મજાકને પગલે તૈયાર કરેલી અખબારી યાદી તેણે ઈન્સ્ટાગ્રામ અને વોટસએપ પર કેટલાક અંગત નાગરીકોને મોકલી હતી. જે વાયરલ થઈ જતા સમગ્ર મુદો શિક્ષણ બોર્ડના ધ્યાને આવતા પોલીસે ફરીયાદ થઈ હતી. સેકટર-૭ પોલીસે સગીરને પકડીને તેની સામે કાર્યવાહી હાથ ધરી હતી.

## શહેરમાં સંપૂર્ણ લોકડાઉનમાં બિન-જરૂરી ફરતા બે યુવકો ઝડપાયા

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેરમાં સાંજના ૭ થી સવારના ૭ સુધી સંપૂર્ણ લોકડાઉન છે. ત્યારે સાંજના ૭ કલાક પછી બિન જરૂરી રીતે ફરવા નીકળેલા ૩ યુવકો સામે પોલીસે ગુનો નોંધ્યો છે. સેકટર-૭ પોલીસે પેટ્રોલીંગ દરમિયાન રાત્રે સાડા આઠ વાગ્યાના સુમારે સે-૬ બી પાસેથી સુરેશભાઈ રણછોડભાઈ પટેલ અને નવ વાગ્યાના સુમારે સે-૫ સીએનજી પેટ્રોલપંપ નજીકથી અક્ષર નિતિનચંદ્ર ઠકકર અને મનિષ સુરેશભાઈ શાહને પકડી પાડયા હતા. પોલીસે ત્રણેય યુવકો સામે જાહેરનામાં ભંગ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### ચિરવિદાય


- સ્વ. દંતાણી કાળાભાઈ મફાભાઈ, ઉ.વ. ૭૮
- સ્વ. ભાવસાર વસંતભાઈ અંબાલાલ, ઉ.વ. ૮૪
- સ્વ. ગીતાબેન મુકેશભાઈ પટેલ, ઉ.વ. ૪૮
- સ્વ. જીજીબેન અમરચંદ શર્મા, ઉ.વ. ૭૩
- સ્વ. ચંદ્રેશલાલ શાંતિલાલ વિઠ્ઠલપરા, ઉ.વ. ૪૫
- સ્વ. ઠાકોર કંકુબેન શૈલેશકુમાર, ઉ.વ. ૨૪

# વાવોલના તબીબે સમગ્ર લોકડાઉન દરમ્યાન દવાખાનું ચાલુ રાખ્યું

ગાંધીનગર, તા.૨૩

કોરોના મહામારીમાં જયાં છેલ્લા બે માસથી મોટાભાગની પ્રતિષ્ઠિત હોસ્પિટલ્સ અને ખાનગી તબીબોના દવાખાના બંધ રહ્યા હતા ત્યારે વાવોલ ગામમાં 'જોઈતીબા ડીસ્પેન્સરી' નામથી દવાખાનું ચલાવતા ડૉ. રાજેન્દ્ર પટેલે સતત તેમનું દવાખાનું ચાલું રાખીને દર્દીઓને સેવા પુરી પાડી હતી. અને સાચા કોરોના વોરિયર તરીકે ઉદાહરણ પુરું પાડયું છે.

વિશ્વભરમાં પ્રસરેલ કોરોના વાયરસે ગુજરાત તથા ગાંધીનગરમાં માર્ચ માસના ઉત્તરાર્ધમાં પ્રવેશ કર્યો હતો અને લગભગ ત્યારથી શહેરના મોટાભાગના ખાનગી દવાખાના બંધ હતા અને પ્રાઈવેટ હોસ્પિટલ્સે પણ સેવાઓ બંધ કરી દીધી હતી. આ સ્થિતિમાં કોરોના મહામારી સિવાયના રોગના દર્દીઓ માટે પરિસ્થિતિ કફોડી બની હતી છેવટે તાજેતરમાં ગુજરાત સરકારે આ દવાખાના પુનઃ કાર્યરત કરવા ફરજ પાડવી પડી હતી. છેલ્લાં બે માસથી વાવોલમાં જનરલ પ્રેકટીશનર તરીકે ૩૨ વર્ષથી કાર્યરત ડૉ. રાજેન્દ્ર પટેલનો દાવો છે કે તેમણે કોરોના સંક્રમણનો ખતરો ઉઠાવીને પોતાના કે પરિવારજનોના જીવની ચિંતા કર્યા વગર પોતાનું દવાખાનું ચાલુ રાખ્યું હતું એટલું જ નહી પરંતુ આ સમયે દર્દીઓને નિયત ચાર્જ સિવાય એક પણ પૈસો વધારાનો ચાર્જ કર્યા વિના સેવાઓ આપી હતી અને આપત્તીકાળમાં દર્દીઓનો ગેરલાભ ઉઠાવ્યો નથી તેવું તેમનું કહેવું છે. આ સાથે તેમણે લોકડાઉનના તમામ નોર્મ્સ જેવા કે સોશયલ ડિસ્ટન્સિંગ, માસ્ક, સેનેટાઈઝર સુવિધા વગેરેનો મહત્તમ ઉપયોગ કર્યો હતો અને દર્દીઓને પણ તેનું માર્ગદર્શન પુરું પાડયું હતું.



# સોશ્યલ મિડીયા પર પક્ષી પરબ માટે વેસ્ટમાંથી બેસ્ટ બનાવતો આઈડિયા સુપરહીટ

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરમાં ઉનાળાની સતત વધી રહેલી ગરમીના કારણે પશુ-પક્ષીઓને પીવાના પાણીની સમસ્યા સતાવે છે તેમાં વળી લૉકડાઉન હોવાથી મોટાભાગના માનવીઓ પોતપોતાના ઘરમાં કેદ છે જેના કારણે પણ દરવર્ષે ઉનાળામાં જીવદયાપ્રેમી નાગરિકો દ્વારા કરવામાં આવતી જલ સુવિધા પર પણ અસર પડી છે અને સંસ્થાઓ દ્વારા કરવામાં આવતી પક્ષી પરબોનું વિતરણ પણ જોઈએ તેટલું થવા નથી પામ્યું. આ સ્થિતિમાં અબોલ પણીઓ-પક્ષીઓની હાલત કફોડી થઈ રહી છે અને શક્ય છે કે આગામી દિવસોમાં હજુ વધુ ગરમી પડશે ત્યારે આ નિર્દોષ પક્ષીઓ અને પ્રાણીઓ તરસથી તરફડી તરફડીને મોતને ભેટવા લાગશે તેવી ભીતિ સેવાઈ રહી છે. આ સમયે સોશ્યલ મિડિયા પર એક આઈડિયા સુપરહીટ થઈ રહ્યો છે જેમાં ઘરમાં પડેલા તેલનાં જુના ખાલી ડબ્બાનો ઉપયોગ કરીને પક્ષીઓ માટે સુંદર બર્ડ ફીડર તેમજ પક્ષી પરબ બનાવી શકાય છે જે વેસ્ટમાંથી બેસ્ટ સાબિત થઈ રહ્યું છે. આ પક્ષી પરબની ખાસિયત એ છે કે તેમાં કોઈ ખર્ચ થતો નથી અને પક્ષીઓ માટે પીવાના પાણીની સુંદર વ્યવસ્થા સાથે ચણ નાંખવાની વ્યવસ્થા પણ સામેલ થઈ જાય છે જે માટે વારંવાર પાણી કે ચણ નાંખવા જવું ના પડતું નથી તેથી પક્ષીઓ માટે એક આશિર્વાદરૂપ વ્યવસ્થા ઉભી થઈ શકે છે.

# સંગીની ફોરમ દ્વારા સંસ્થાની બહેનો માટે પાંચ દિવસીય ઓનલાઈન રેઈનબો ક્વિઝ સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર, તા.૨૩

હાલના દિવસોમાં લગાવને કારણે ઘરે જઈને નગરજનો અલગ અલગ પ્રવૃત્તિમાં મસ્ત થઈ રહ્યા છે. પોત પોતાની મનગમતી હોબીને અપનાવીને તેને એક્સપ્લોર કરી આગળ વધવું તે અમુકની હાલ પ્રવૃત્તિ જ બની ગઈ છે. નાના બાળકોથી લઈ વૃદ્ધો પણ હાલ આ રીતે જ સમય પસાર કરી રહ્યા છે. હાઉસી, અંતાક્ષરી, લુડો, ઉનો જેવી અનેક ગેમ દરેક નગરજનો પરિવારજનો સાથે ઓનલાઈન રમી રહ્યા છે. ત્યારે આ લોક ડાઉનના સમય દરમિયાન નગરની સંસ્થા સંગીની ફોરમ દ્વારા પણ કંઈક નવું કરવા નો પ્રયત્ન કરવામાં આવ્યો છે. સંગીની સંસ્થાની બહેનો એક્ટિવ રહે અને મોજ-મસ્તી મનોરંજન સાથે જ્ઞાન મેળવે તે ઉદ્દેશથી ફોરમના માનવંતા સિનિયર સભ્ય વીણાબેન દ્વારા ગાંધીનગર પ્રેસિડન્ટ જાગૃતીબેન સંઘવીની પ્રેરણાથી સતત પાંચ દિવસ રેઈનબો ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જે સંદર્ભે રેઈનબોના વિવિધ રંગોની જેમ જ ધાર્મિક ક્વિઝ, ઈંગ્લીશ, જનરલ નોલેજ, બોલીવુડ થીમ, ગુજરાતી, ગણિત, કુકિંગ, પિક્ચર ક્વિઝ જેવા વિવિધ વિષય સાથે ક્વિઝ સ્પર્ધા યોજવામાં આવી હતી.

નવા વિચાર સાથે યોજાયેલ સ્પર્ધામાં પાંચ દિવસ દરમિયાન મોટી સંખ્યામાં સંગીની બહેનોએ પોતાના ઘરે રહીને જ ખૂબ ઉત્સાહથી ભાગ લીધો હતો. સાથે પોતાના જ્ઞાન અને વિચાર શક્તિનો ઉપયોગ કરી અગ્રીમ નંબર લાવવાની ચેલેન્જ પણ સ્વીકારી હતી. ઉપરાંત બહેનો દ્વારા પોતાનું સુંદર કૌશલ્ય દર્શાવી કોરોના વોરિયર્સનો આભાર વ્યકત કરતા ગ્રીટિંગ કાર્ડ બનાવવામાં આવ્યા હતા.